ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૯ જૂન, ૨૦૨૬

નડિયાદ મહાનગરપાલિકાની ઘોર બેદરકારી | જર્જરીત મિલકતો તોડવાનો ૨૦૨૨નો ઠરાવ અભેરાઈએ ચઢ્યો

નડિયાદ શહેરમાં ચોમાસું 'મોતનું તેડું' બને તેવો ભય

સત્તાધીશોની
આળસમાં લોકોના જીવ જોખમમાં મુકાય તેવો ભય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદ શહેરના માથે આગામી ચોમાસાની તૈયારીઓ વચ્ચે મોટી આફત તોળાઈ રહી છે. શહેરમાં આવેલી મહાનગરપાલિકાની માલિકીની દાયકાઓ જૂની અને અત્યંત જર્જરીત મિલકતો હજુ સુધી તોડી પાડવામાં આવી નથી. ચોંકાવનારી વિગત એ છે કે, ખુદ સત્તાપક્ષે જ ૨૦૨૨માં આ મિલકતો ભયજનક હોવાનું સ્વીકારી તેને તાત્કાલિક ખાલી કરાવવા ઠરાવ કર્યો હતો, તેમ છતાં વહીવટી તંત્રની ઘોર બેદરકારીને કારણે આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. આ સ્થિતિમાં જો આગામી ચોમાસામાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેનો જવાબદાર કોણ? તેવો ગંભીર પ્રશ્ન સ્થાનિકોમાં ઉઠી રહ્યો છે.

નડિયાદના વોર્ડ નંબર ૧૧ માં ઉડેવાળ તળાવ પર આવેલી ૫૩ વર્ષ જૂની દુકાનો અને સ્ટાફ ક્વાર્ટર્સની સ્થિતિ અત્યંત દયનીય છે. અહીં જોખમ એટલું છે કે ઉપરના માળે રહેતા કર્મચારીઓએ ક્વાર્ટર્સ ખાલી કરી દીધા છે, પરંતુ અચરજની વાત

એ છે કે નીચેની દુકાનોમાં હજુ પણ વ્યવસાય ચાલુ છે. તંત્રની આ બેવડી નીતિ સ્પષ્ટપણે છતી થાય છે કે તેઓ લોકોના જીવના જોખમે પણ મિલકતો ખુલ્લી રાખી રહ્યા છે.

આ ઉપરાંત વોર્ડ-૪ અને વોર્ડ-૬માં 'મોતનો સામાન' બનીને ઈમારતો ઉભી છે. વોર્ડ નંબર ૪ માં સોશિયલ ક્લબ સામે આવેલી ૩૮ વર્ષ જૂની દુકાનોનો સ્લેબ ગમે ત્યારે તૂટી પડે તેવી હાલતમાં છે. જ્યારે વોર્ડ નંબર ૬ માં આવેલું જૂની મ્યુનિસિપાલિટી વાળું કોમ્પ્લેક્ષ તો આઝાદી પહેલાના સમયનું હોવાથી તેની સ્થિતિ પણ અત્યંત નાજુક છે. સરકારની સ્પષ્ટ સૂચનાઓ છતાં આ બિલ્ડિંગો ખાલી કરાવવામાં નડિયાદનું તંત્ર સદંતર વામણું પુરવાર થયું છે.

નડિયાદને નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો તો મળી ગયો, પણ વહીવટી તંત્રની આળસ અને બેદરકારી યથાવત છે. જો વહેલી તકે આ જર્જરીત ઈમારતો તોડી પાડવામાં નહીં આવે, તો આ ચોમાસું શહેર માટે જાનહાનિનું કારણ બની શકે છે.

૨૦૧૨ની દુર્ઘટનાનું પુનરાવર્તન થશે?

નડિયાદ શહેરના પીજ ભાગોળ પાસે આવેલા તલાટી બાગની દુકાનો વર્ષ ૧૯૯૧ માં વરસાદી પાણીના નિકાલ માટેના કાંસ (ગટર) ઉપર બનાવવામાં આવી હતી. ભૂતકાળમાં વર્ષ ૨૦૧૨ માં અહીં આવી જ ૨૬ દુકાનો અચાનક તૂટી પડી હતી, જેમાં એક ભાડુઆતનું કરુણ મોત નીપજ્યું હતું. હાલમાં અહીંની દુકાન નંબર ૨૯ અને ૩૦ ના પ્રથમ માળ અત્યંત ભયજનક છે, તેમ છતાં તંત્ર માત્ર કાગળ પર નોટિસો આપીને સંતોષ માની રહ્યું છે.

ભાડું પણ નથી ભરાતું અને પેટા ભાડે ધંધા !

આ અંગે તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે તલાટી બાગ વિસ્તારમાં ભાડુઆતો દ્વારા શરતોનો ભંગ કરીને જગ્યાઓ અન્ય લોકોને પેટા ભાડે આપી દેવામાં આવી છે. વધુમાં, આ ભાડુઆતો દ્વારા પાલિકામાં નિયમિત ભાડું પણ ભરવામાં આવતું નથી. આમ, સુરક્ષા અને આર્થિક બંને રીતે નુકસાન હોવા છતાં કબજો પરત મેળવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે.

ઘરની ચાવી અને લેપટોપનો પાસવર્ડ મેળવી બે ભાઈએ વિશ્વાસઘાત કર્યો

વિદ્યાનગરમાં નિવૃત્ત અધિકારી સાથે ૫૦.૭૪ લાખની છેતરપિંડી

એટીએમ તેમજ
ઓનલાઇન ટ્રાન્ઝેક્શન દ્વારા રકમ સેરવી

(પ્રતિનિધિ) આણંદ તા.૪

વલ્લભ વિદ્યાનગરની શિવ બંગલોઝ સોસાયટીમાં રહેતા અને આઈ.ડી.એમ.સી. લિમિટેડના નિવૃત્ત ડેપ્યુટી જનરલ મેનેજર સાથે વિશ્વાસઘાત કરી, તેમની જાણ બહાર બેંક ખાતામાંથી કુલ ૫૦.૭૪ લાખની રકમ પડાવી લેવા બદલ વિદ્યાનગર પોલીસ મથકે બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

વલ્લભ વિદ્યાનગરની શિવ બંગલોઝ સોસાયટીમાં રહેતા અને આઈડીએમસી લિમિટેડના નિવૃત્ત ડેપ્યુટી જનરલ મેનેજર કુલથુ શંકર અય્યર સાથે બે ભાઈએ વિશ્વાસઘાત કરી, તેમના બેંક ખાતામાંથી કુલ ૫૦.૭૫ લાખની માતબર રકમ પડાવી લેવા બદલ વિદ્યાનગર પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

વિદ્યાનગરની શિવ બંગલોઝ સોસાયટીમાં રહેતા કુલથુ શંકર અય્યર (ઉ.વ.૭૧)ના ઘરે કરમસદના વતની દિલીપસિંહ અરવિંદસિંહ દરબાર અને યુવરાજસિંહ અરવિંદસિંહ દરબાર અવારનવાર આવતા હતા. કુલથુ શંકરે તેમને પરિવારના સભ્યો ગણી ઘરની ચાવી અને લેપટોપનો એક્સેસ આપ્યો હતો. આ વિશ્વાસનો દુરુપયોગ કરી, આરોપીઓએ ફરિયાદીના લેપટોપમાંથી રોકાણની વિગતો અને બેંકિંગ ડેટાની ચોરી કરી હતી.

પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે, પહેલી જુલાઈ ૨૦૨૫થી 7મી નવેમ્બર 2025 દરમિયાન બન્ને ભાઈઓએ ફરિયાદીના એટીએમ કાર્ડનો ઉપયોગ કરી આશરે ૧૭.૪ લાખ ઉપાડી લીધા હતા. આ ઉપરાંત, ફરિયાદીના મોબાઈલમાં તેમની જાણ બહાર પેટીએમ જેવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી યુપીઆઈ (UPI) મારફતે અન્ય ૩૩,૫૦,૫૦૦ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. છેતરપિંડીનો આંકડો મોટો હોવાથી અને વિશ્વાસપાત્ર વ્યક્તિઓ દ્વારા જ આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાથી પંથકમાં ચર્ચા જાગી છે. આરોપીઓએ આ રકમ ઓનલાઈન ગેમિંગમાં વાપરી હોવાની પણ વિગતો સામે આવી છે. વિદ્યાનગર પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

લુણાવાડામાં વેપારીના બંધ ઘરમાંથી સવા લાખની ચોરી

વેપારીનો પરિવાર
ઈદની ખરીદી કરવા અમદાવાદ ગયો હતો ત્યારે બની ઘટના

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૮

લુણાવાડાની ઉસ્માનીયા નગર સોસાયટીમાં રહેતા એક વેપારીના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ તાળા તોડી રૂ. ૧.૨૫ લાખની મતાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. અલબત્ત, આ ઘટનાના લાંબા સમય બાદ ગુનો નોંધાયો હતો.

લુણાવાડાની ઉસ્માનીયા નગર સોસાયટીમાં રહેતા મોહંમદઅશફાક ઉસ્માનગની સુરતીના જણાવ્યા અનુસાર, ગત ૯મી ફેબ્રુઆરીના રોજ તેઓ પરિવાર સાથે ઈદની ખરીદી કરવા માટે અમદાવાદ ગયા હતા. આ દરમિયાન તેમના બંધ મકાનના મુખ્ય દરવાજા અને અંદરના રૂમના તાળા તોડી અજાણ્યા શખ્સોએ પ્રવેશ કર્યો હતો. આ તસ્કરોએ કબાટના ડ્રોવરમાં રાખેલી રૂ. ૪૫ હજારની રોકડ રકમ તેમજ આશરે રૂ. ૮૦ હજારની કિંમતના સોના અને ચાંદીના દાગીના (જેમાં વીંટી, પેન્ડલ અને ચાંદીના કડાનો સમાવેશ થાય છે) મળી કુલ રૂ. ૧.૨૫ લાખની ચોરી કરી હતી.

આ ચોરીની ઘટના બાદ ફરિયાદી અને તેમના પત્ની મક્કા-મદીનાની યાત્રાએ ગયા હતા અને ત્યાંથી પરત આવ્યા બાદ બીમારીના કારણે ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. હાલમાં લુણાવાડા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડા કલેક્ટર સહિતનો કાફલો સાયકલ પર કચેરીએ પહોંચ્યો

ખેડા જિલ્લામાં
પર્યાવરણ અને ઈંધણ બચતની અનોખી પહેલ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને ઈંધણની બચત માટે એક પ્રેરણાદાયી શરૂઆત કરવામાં આવી છે. વડાપ્રધાનના ઈંધણ બચાવવાના સંદેશને સાર્થક કરવા માટે ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય અને અધિક નિવાસી કલેક્ટર જે.બી. દેસાઈ સોમવારે પોતે સાયકલ ચલાવીને ઓફિસે પહોંચ્યા હતા, જે સમગ્ર જિલ્લા માટે એક આદર્શ ઉદાહરણ બન્યું છે.

ખેડા કલેક્ટર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે કે, ખેડા જિલ્લાના તમામ સરકારી વિભાગો અને કચેરીઓના વડાઓ તથા કર્મચારીઓ શક્ય હોય ત્યાં સુધી દર સોમવારે ઓફિસ આવવા-જવા માટે સાયકલ અથવા ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરે તે જરૂરી છે.

આ અભિયાનમાં ખેડા પ્રાંત અધિકારી, નાયબ મ્યુનિસિપલ કમિશનર તેમજ મહેમદાવાદ, માતર અને ખેડાના મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સાયકલ લઈને જોડાયા હતા.

ખેડા જિલ્લાની તમામ કચેરીઓને આ પર્યાવરણલક્ષી શિસ્તનું ચુસ્તપણે પાલન કરવા અને સ્ટાફમાં જરૂરી જાગૃતિ લાવવા માટે પુનઃ અનુરોધ કરવામાં આવ્યો છે, જેથી એક સ્વસ્થ અને પ્રદૂષણ મુક્ત સમાજનું નિર્માણ થઈ શકે.

ઉમરેઠમાં બે બાઈક વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

ભાટપુરા કેનાલ રોડ
પર અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૮

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ભાટપુરા ગામ પાસે રવિવારની સાંજે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ભાટપુરા કેનાલ ઉપર આવેલા રોડ પર બે મોટરસાયકલ સામસામે ટકરાતા એક આશાસ્પદ યુવાનનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું છે.

ઉમરેઠ તાલુકાના ભાટપુરા પરમા વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ સોમાભાઈ સોઢા પરમારનો પુત્ર અજયકુમાર પોતાની બાઈક લઈને જઈ રહ્યો હતો. તે સમયે સામેથી આવતા બાઈકના ચાલક શ્રવણકુમાર છત્રસિંહ ઠાકોરે પોતાની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અજયકુમારની બાઈક સાથે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે અજયકુમાર રોડ પર પટકાતા તેને માથાના ભાગે ગંભીર હેમરેજ થયું હતું અને જમણા પગે તથા આંખે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક ઉમરેઠની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ માથાની ગંભીર ઈજાઓ જીવલેણ સાબિત થઈ હતી અને સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પિતાએ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે શ્રવણકુમાર ઠાકોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ટુ વ્હીલર વાહનોના અકસ્માતનું પ્રમાણ વધ્યું છે અને આ અકસ્માતો જીવલેણ પણ બની રહ્યાં છે.

પાલિકાનો અણઘડ વહીવટ | બેંકના પ્રવેશ દ્વારે જ પાણી ભરેલી ચેનલોને કારણે હાલાકી

કપડવંજ શહેરના હનુમાનપુરા સામે રસ્તાના ખોદકામથી પ્રજા ત્રાહિમામ

વરિષ્ઠ નાગરિકો
અને દિવ્યાંગો માટે અવરજવર મુશ્કેલ બની

(પ્રતિનિધિ) કપડવંજ તા.૮

કપડવંજ નગરપાલિકા દ્વારા આયોજનના અભાવે કરવામાં આવેલા રસ્તાના ખોદકામને લીધે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આઝાદ ચોક સ્થિત મુખ્ય શાખાના હજારો ગ્રાહકો અને કર્મચારીઓ હાલ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હનુમાનપુરા સામે આવેલ બેંકના મુખ્ય રાજમાર્ગ પર પાઇપલાઈન માટે મોટી ચેનલો ખોદવામાં આવતા ગ્રાહકો માટે જાયે તો જાયે કહાં જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જો નગરપાલિકા સત્તાવાળાઓએ આ ખોદકામનું કાર્ય બીજા કે ચોથા શનિવાર અથવા રવિવાર જેવી બેંકની રજાઓના દિવસોમાં હાથ ધર્યું હોત, તો ગ્રાહકોની હાલાકી ઓછી કરી શકાઈ હોત. પરંતુ પાલિકાના નબળા વહીવટને કારણે ચાલુ દિવસોમાં કામ શરૂ કરાતા, સરકારી કામકાજ માટે મહત્વની એવી આ બેંકમાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે પ્રવેશવું પણ અત્યંત મુશ્કેલ બની ગયું છે. આ ગંભીર સમસ્યા અંગે સ્ટેટ બેંકના મુખ્ય અધિકારી ભાર્ગવ વર્માએ નગરપાલિકાનું ધ્યાન દોર્યું હતું અને મુશ્કેલીઓ અંગે જાણ કરી હતી. તેમ છતાં, પાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા બેંકના પ્રવેશ દ્વાર પાસે જ પાણી ભરેલી ચેનલોને કારણે સ્થિતિ વધુ વણસી છે.

આ અંગે શહેરના જાગૃત નાગરિકોએ માંગ કરી છે કે, આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. આ ઉપરાંત, પાલિકા એક રોડનું સમારકામ સંપૂર્ણ રીતે પૂર્ણ કરે ત્યારબાદ જ બીજા રસ્તાનું કામ હાથ પર લે તેવું આયોજન કરવા માટે પણ પ્રજાજનો દ્વારા ભારપૂર્વક રજૂઆતો કરવામાં આવી છે.

આંકલાવમાં ટેન્કર - બસ અથડાતાં ૮થી વધુ ઘવાયાં

ખંભાત-વડોદરા
રૂટની એસટી બસને ટ્રક પાછળથી ટક્કર મારતાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૮

આંકલાવ તાલુકાના આસોદર ચોકડી બ્રિજ નજીક નેશનલ હાઈવે નં. ૪૮ પર આજે સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતિએ આવતા એક ટેન્કરે એસ.ટી. બસને પાછળના ભાગે જોરદાર ટક્કર મારતા બસમાં સવાર ૩૫ પૈકીના અનેક મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખંભાત ડેપોની એસ.ટી. બસ જે ખંભાતથી વડોદરા જઈ રહી હતી, તેને સોમવારે સવારે આશરે ૦૮:૪૫ વાગ્યે આસોદર ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. અશોક લેલેન્ડ ટેન્કર (નંબર GJ.38.TB.6262) ના ચાલકે પોતાની ગફલતભરી ડ્રાઈવિંગને કારણે બસને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બસનું ટાયર ફાટી ગયું હતું અને બસ ડિવાઈડર પર ચડી ગઈ હતી, જેના કારણે મુસાફરોને જોરદાર ઝાટકો લાગ્યો હતો.

આ અકસ્માતમાં બસના કંડક્ટર શૈલેષભાઈ પરમાર સહિત આઠથી વધુ મુસાફરોને નાની - મોટી ઈજા પહોંચી હતી. આ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બોરસદ અને વડોદરાની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ અંગે બસના ડ્રાઈવર દિનેશભાઈ જશભાઈ રોહિતની ફરિયાદને આધારે આંકલાવ પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદના મુખ્ય બજારમાં વેપારીની જીત: ૮ ફૂટ રસ્તો ખુલ્લો કરાયો

સરદાર પ્રતિમાથી
ત્રિમૂર્તિ કોમ્પલેક્ષ સુધી પતરાં અંદર ખસેડાતા વાહનચાલકોને મોટી રાહત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદ શહેરના હાર્દ સમાન મુખ્ય બજાર વિસ્તારમાં કાંસની કામગીરીને પગલે છેલ્લા એક મહિનાથી સર્જાયેલ ટ્રાફિક અને વેપારની સમસ્યાનો આખરે સુખદ અંત આવ્યો છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોની ઉગ્ર રજૂઆતો બાદ તંત્ર દ્વારા સરદાર પ્રતિમાથી ત્રિમૂર્તિ કોમ્પલેક્ષ સુધીનો બંધ માર્ગ ૮ ફૂટ જેટલો ખુલ્લો કરવામાં આવ્યો છે.

નડિયાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા આ વેપારી મથકમાં કાંસની કામગીરી માટે લોખંડના પતરાં મારીને આખો રસ્તો સંપૂર્ણપણે બ્લોક કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે છેલ્લા એક માસથી આ માર્ગ પરથી માત્ર રાહદારીઓ જ પસાર થઈ શકતા હતા અને ગ્રાહકોની અવરજવર નહિવત થઈ જતાં વેપારીઓનો ધંધો ચોપટ થઈ ગયો હતો. સ્થાનિક ધંધાર્થીઓની વ્યાપક માંગણીઓને ધ્યાને રાખીને આખરે કોર્ડન કરાયેલા રસ્તા પરથી પતરાં અંદરની તરફ ધકેલી દેવામાં આવ્યા છે.

હવે ૮ ફૂટ જેટલો રસ્તો ખુલ્લો થતાં આ માર્ગ પર ફરીથી કાર અને રિક્ષા જેવા વાહનોની અવરજવર પૂર્વવત બની છે. રસ્તો ખુલવાની સીધી સકારાત્મક અસર સ્થાનિક બજાર પર જોવા મળી છે અને લાંબા સમયથી પ્રભાવિત થયેલા વેપાર-ધંધામાં ફરી આશાનો સંચાર થયો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225